# બંગલાનો બાંધનાર [redacted]

બંગલાનો બાંધનાર કેવો મારા ભાઈ,
--ભાડુતી બંગલો કોણે રે બનાવ્યો ---બંગલાનો.

લોઢું નથી રે એમાં લાકડું રે નથી
નથી ખીલો કે નથી ખીલા મારા ભાઈ---ભાડુતી.

ઈંટો નથી રે એમાં ચૂનો રે નથી
નથી સિમેન્ટ નથી રેતી મારા ભાઈ,---ભાડુતી.

આ રે બંગલાને દશ દરવાજા
નવસો નવ્વાણું નાડી મારા ભાઈ,---ભાડુતી.

કડીયા કારીગરની કારીગરી કેવી
પાણીની બાંધી હવેલી મારા ભાઈ,---ભાડુતી.

બંગલો બનાવી મંય જીવાભાઈ પધરાવ્યા
નથી લે તારી કાંઈ ભાડૂ મારા ભાઈ,---ભાડુતી.

નરવર શેઠની નોખી ઉઘરાણી
અમારા ચોપડે ન નામું મારા ભાઈ,---ભાડુતી.